# <u>પ્રેસનોટ</u>

## <u>આગામી તા.૫/૯/૨૦૧૬ થી તા.૧૫/૯/૨૦૧૬ સુધી ગણેશ ઉત્સવ નિમિત્તે ગણેશ સ્થાપના માટે પરમીટ તેમજ ગણેશ સ્થાપનની જગ્યાએ લાઉડ સ્પીકર વગાડવાની પરમીટ મેળવવા બાબતે અમદાવાદ શહેરની જાહેર જનતાને સુચન</u>

ગણેશ મુર્તિની સ્થાપના માટે પરમીટ જે તે પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે તેમજ સ્થાપનાની જગ્યાએ લાઉડ સ્પીકર વગાડવા માટેની પરમીટ પણ જે તે પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે. સરઘસનો રૂટ જો એકજ ઝોન વિસ્તારમાં હોય તો જે તે પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થાપના થયેલ છે તે પોલીસ સ્ટેશન તરફથી સરઘસ માટેની પરમીટ આપવામાં આવશે. જો સરઘસના રૂટનો સમાવેશ એક ઝોન કરતા વધારે વિસ્તારમાં થતો હોય તો સરઘસ અંગેની પરમીટ પોલીસ કમિશનર કચેરી શાહીબાગ વિશેષ શાખા તરફથી આપવામાં આવશે. જે દિવસે અરજદાર તરફથી સ્થાપના અંગેની પરમીટ માટેની સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવશે તે જ દિવસે અરજદારે સરઘસ કાઢવા માટેની અરજી પણ ફરજીયાત આપવાની રહેશે.

ગણેશ સ્થાપના તથા વિસર્જનની પરમીટ મેળવવા આયોજકો જ્યારે પોલીસ સ્ટેશને જાય ત્યારે આયોજકોનુ તથા ૧૫ થી ૨૦ વ્યક્તિ જે તે વિસ્તારના વર્ચસ્વ ધરાવતી વ્યક્તિના નામ સરનામા આપવાના રહેશે તથા રૂટ અને સાબરમતી નદીના ઓવારાના તથા મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવનાર પવિત્ર મુર્તિ વિસર્જન કુંડ સ્થળના નામ આપવાના રહેશે. તા.૫/૮/૨૦૧૬

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)